# સાંસ્કૃતિક વિરાસતઃ ભારતીય નથ



કોઈ જૂના ફેમિલી આલ્બમ જુઓ કે કોઈ પારંપરિક લગ્ન જુઓ તો એક વસ્તુ તમને તરત જ નજરે પડશે જે બધાંથી અલગ દેખાશે- એ છે નથ - ભારતની મશહૂર નોઝ રિંગ. એ એક માત્ર એકસેસરી જ નથી પરંતુ કલ્ચરલ પ્રતીક, રીજનલ સિગ્નેચર છે અને ઘણી વાર એ મહિલા કયાંની છે એ પણ જણાવે છે.

આખા ભારતમાં નથની સાઈઝ, શેપ, વજન અને અર્થ બદલાતો રહે છે. કેટલીક બોલ્ડ અને આકર્ષક હોય છે તો કેટલીક નાજુક અને સિમ્બોલિક હોય છે પરંતુ દરેક નથ કમ્યુનિટી, વિરાસત અને પર્સનલ ગર્વની કહાની કહે છે. આખા ભારતમાં અલગ અલગ મહિલાઓ માટે નથનો મતલબ જુદો જુદો હોય છે. કચ્છમાં એટલી ભારે નથ પહેરવામાં આવે છે કે એને વાળ સાથે બાંધવી પડે છે. ઉત્તરાખંડમાં સુંદર નથ લગ્નનું પ્રતીક છે. ઓડિશાના આદિવાસી વિસ્તારમાં એ સુંદરતા કરતાં વધારે માલિકીભાવ દર્શાવે છે તો તમિલનાડુ મુક્કુથી નાની, સોનાની હોય છે.

નથ પહેરવાના કોઈ ચોક્કસ નિયમો કે રીત નથી હોતાં. કોઈક રોજ પહેરે છે તો કેટલાક માત્ર એક વાર લગ્નમાં. ભારતીય મહિલાઓએ ગર્વથી આ સંસ્કૃતિને જાળવી રાખી છે. આવો જાણીએ અલગ અલગ પ્રાંતો અને પરંપરાઓમાં નથની કહાની...

## પેશવાઈ નથ

પેશવાઈ નથ મહારાષ્ટ્રની એક પારંપારિક અને શાહી નથ છે જે આશરે 300 સાલ પહેલાં પેશવા કાળથી પ્રચલિત છે. આ નથ મરાઠી સંસ્કૃતિ, લગ્ન, ગણેશોત્સવ અને તહેવારોમાં નવવારી સાડી સાથે એક પ્રતિષ્ઠિત આભૂષણ તરીકે પહેરવામાં આવે છે. મહારાષ્ટ્રીયન પરંપરા સાથે જોડાયેલી પેશવાઈ નથ સહેલાઈથી ઓળખી શકાય છે. મોતીઓનાં ઝૂમખાં, ફૂલોની ડિઝાઈન અને સાધારણ ભારે સ્ટ્રકચર એને શાહી પરંતુ જમીન સાથે જોડાયેલો લુક આપે છે.

આ નથ માત્ર લગ્નમાં જ પહેરવા માટે નથી. ઘણા પરિવારોમાં વડીલ મહિલાઓ હજુ પણ રોજિંદી જિંદગીમાં એ પહેરે છે. એ સૂક્ષ્મ કે ટ્રેન્ડી બનવાનો પ્રયાસ કર્યા વિના કોન્ફિડન્સથી પહેરી શકાય છે. પેશવાઈ નથ એક એવી સંસ્કૃતિનું પ્રતિબિંબ દર્શાવે છે જયાં જ્યુલરી અધિકારથી પહેરવામાં આવે છે.

આ એક અર્ધચંદ્રાકાર ડિઝાઈનવાળી નથ હોય છે. જે મોટા ભાગે લાલ અને સફેદ રંગના નાનાંનાનાં મોતી અને સ્ટોનથી સજાવવામાં આવે છે. એમાં પિયર્સિંગ અને પ્રેસ ટુ ફિટ બંને વિકલ્પો મળે છે.

## ટ્રાઈબલ નથ

આ પારંપરિક ભારતીય જનજાતીય શૈલીની નોઝ રિંગ હોય છે જે મોટા ભાગે ઓક્સિડાઈઝ્ડ, સિલ્વર કે પિત્તળ જેવી ધાતુઓની હોય છે અને એમાં બોહો કે એથનિક ડિઝાઈન હોય છે. એની ડિઝાઈન મોટાભાગે પારંપરિક કે બંજારા શૈલીની હોય છે. જેમાં ફૂલોની ડિઝાઈન કે શંખ હોય છે. એ સામાન્ય રીતે મોટી સાઈઝની અને બહુ સિમ્બોલિક હોય છે અને લેયર્ડ નેકપીસ તથા કાનનાં આભૂષણો સાથે પહેરવામાં આવે છે. એનાં મટીરિયલ, શેપ અને સ્કેલ કમ્યુનિટીની ઓળખ, મેરિટલ સ્ટેટસ અને સોશ્યલ સ્ટેટસ પણ દર્શાવે છે. ઘણી ટ્રાયબલ નથ કિલપ ઓન ડિઝાઈનમાં પણ મળે છે એટલે કે પિયર્સિંગ વિના પણ પહેરી શકાય છે.

## મુક્કુથી

ખાસ કરીને દક્ષિણ ભારતનાં તમિલનાડુ, કેરળ અને આંધ્રપ્રદેશમાં ‘મુક્કુથી’ એક ખાસ વસ્તુ છે. ઉત્તરીય નથ કરતાં નાની આ નથ એલિગન્ટ, પ્રેકિટકલ અને રોજિંદી સંસ્કૃતિ સાથે ઊંડાણથી




જોડાયેલી છે. સામાન્ય રીતે એ નાનો સ્ટડ કે નોઝ પિન હોય છે. તમિલમાં ‘મુકુ’નો અર્થ નાક અને ‘કૂથી’નો અર્થ છેદવું થાય છે.



દુલ્હન તો એ પહેરે જ છે પરંતુ મંદિર જતી મહિલાઓ, ફેમિલી ફંકશન અને ડેલી વેરમાં પણ એ જોવા મળે છે.

## રાજપૂતી નથ



રાજસ્થાની સંસ્કૃતિનો એક અભિન્ન અને ભવ્ય હિસ્સો છે રાજપૂતી નથ. જે સુહાગ’ અને સૌભાગ્યના પ્રતીક તરીકે પરિણીત મહિલાઓ પહેરે છે. એ મોટી, વધારે પડતી સજાવેલી અને મોટા ભાગે કાનની સેર સાથે જોડાયેલી હોય છે. ટ્રેડિશનલ નથ સોનાની હોય છે જેના પર કુંદન, મોતી અને



કિંમતી સ્ટોનનું બારીક કામ હોય છે. સામાન્ય રીતે એ ડાબી બાજુ પહેરવામાં આવે છે.

## બીગ સર્કલ્સ

ઘણાંને નાની નહિ પરંતુ મોટી નથ પસંદ હોય છે. એ ધ્યાન ખેંચવા માટે હોય છે. મોટાભાગે ચેન, મોતી કે બારીક સોનાના નકશીકામ સાથે પહેરાતી આ મોટી ગોળ સ્ટાઈલ, નથને આખા લુકનો સેન્ટરપીસ બનાવે છે.

આજે પણ નથ ફેશનમાં છે. નથને તમે મોડર્ન સાડી, ફયુઝન આઉટફિટ્સ અને મિનિમલિસ્ટ બ્રાઈડલ લુકસ સાથે પણ સ્ટાઈલ કરાતી જોશો.